# ગુજરાત જાહેર સેવા આયોગ
# Gujarat Public Service Commission

બહુમાળી મકાન, બી-બ્લોક, પહેલો માળ, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ☎ : ૨૫૫૦૭૭૩૭ ફેક્સ : ૨૫૫૦૭૩૮૬

M. S. Building, B-Block, 1st Floor, Lal Darwaja, Ahmedabad-380 001. ☎ : 25507737 FAX : 25507386


ક્રમાંક : સીસીઈ- ૨૦૧૫-૧૧૭૮-(૨૩) -ઈએક્સ. તારીખ : ૦૭/૦૫/૨૦૧૬

## અખબારી યાદી

ગુ. વ. સેવા, વર્ગ-૧ અને ગુ. મુ. સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ ( જાહેરાત ક્રમાંક: ૯ /૨૦૧૪-૧૫ ) ની મુખ્ય પરીક્ષા (લેખિત) ના ઉમેદવારો માટે

૧. ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક :- ૯/૨૦૧૪-૧૫ની તા. ૧૨/૧૦/૨૦૧૪ના રોજ લેવાયેલ પ્રિલિમિનરી પરીક્ષાનું સુધારેલ કામચલાઉ પરિણામ તા. ૧૯/૩/૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રિલિમિનરી પરીક્ષામાં કામચલાઉ ધોરણે સફળ થયેલ તમામ ( આ અગાઉ જે ઉમેદવારોએ અરજીપત્રક આયોગની કચેરીમાં મોકલેલ છે તે સહિત ) ઉમેદવારોએ પણ નવેસરથી મુખ્ય પરીક્ષા (લેખિત) માટે “Online” અરજી કરવાની રહેશે. “Online” અરજી કરવાની તારીખ હવે પછી જણાવવામાં આવશે. “online” ફોર્મમાં ઉમેદવારે અગાઉ પ્રિલિમિનરી પરીક્ષાના ફોર્મમાં દર્શાવેલ વિગતો તો હશે જ, વધુમાં ઉમેદવારે પરીક્ષાનું માધ્યમ અને પસંદગીનો વૈકલ્પિક વિષય “Add” કરવાના રહેશે. ફોર્મમાં પસંદગીનો વૈકલ્પિક વિષય તેમજ પરીક્ષાનું માધ્યમ ગુજરાતી/ અંગ્રેજી અચૂક દર્શાવવાના છે.

૨. મુખ્ય પરીક્ષા (લેખિત) સંભવત: તા.૧૦/૦૯/૨૦૧૬, તા.૧૧/૦૯/૨૦૧૬ અને તા.૧૮/૦૯/૨૦૧૬ના રોજ અમદાવાદ ખાતે યોજાનાર છે. મુખ્ય લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in પર મૂકવામાં આવશે.

૩. ઉપર્યુક્ત બાબતો માટે આયોગ દ્વારા સમયાંતરે વર્તમાન પત્રોમાં તથા આયોગની વેબસાઈટ પર “અગત્યની જાહેરાત” પ્રસિધ્ધ કરવામાં આવશે. તેથી સંબંધિત ઉમેદવારોએ અરજીપત્રક તથા પરીક્ષા માટેના પ્રવેશપત્ર સમયસર ડાઉનલોડ કરી લેવા જણાવવામાં આવે છે.

૪. ઉપર્યુક્ત બાબતો L.P.A. No.244/ 2016 in S.C.A. No. 14573/2015 તથા અન્ય કેસોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના આખરી ચૂકાદાને આધિન રહેશે.

( એન.એમ.ધ્રુવ)
સંયુકત સચિવ ,
ગુજરાત જાહેર સેવા આયોગ.